## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

સાવ ઉઘાડું આભ ને સામે ઝરણા જેવી કેડી,
આખ્ખા આ પર્વતની સાથે સીમ લીધી મેં તેડી.

- મહેશ યાજ્ઞિક

### પાથેય

- રમેશ ઠક્કર

## આકાશનું જોણું...

ચોમાસું સાંજે કદી કદી ખીલી ઉઠતી સંધ્યા એ કુદરતોનો કરિશ્મા છે..મેઘધનુષનો મુગટ એ અંબરના સ્વયંવર જેવો હોય છે..ગામડાઓમાં લોકો નિરાંતે આ બધું જોતા..શહેરને એવી પરવા હોતી નથી..મારા જેવો કોઈ રડયોખડયો આગંતુક આકાશને ફંફોસે તો લોકો માટે જોણું જ થાય..!

આકાશ એક અજુબો છે..આપણે મોબાઈલની મસ્તીમાં નતમસ્તક હોઈએ છીએ..આભને નીરખવા ઉન્નત મસ્તક બનવું પડે છે..વરસાદની હેલી પછી ઉઘાડ પામતું આકાશ નવજાત શિશુ જેવું અનાવૃત અને એટલે જ અજાયબ લાગે છે..ચોમાસાની ત્રમઝટ પછી ઉફાન ઉપરથી ઉતરતી બનાસ..અને કામલપુર ગામની આથમણી સાંજે ખીલતી સંધ્યા..આભલાનો એ ગેરૂઓ રંગ.. છેક નકલંક મહારાજની ફરફરતી ધજા સુધી ફેલાઈ જતો.ત્યારે ગામ પણ એક નવો ઉઘાડ પામતું..

કોણ જાણે કેમ લખતાં લખતાં મને ઘણીવાર કાકાસાહેબ કાલેલકર હોવાનો વહેમ થઈ જાય છે..! "ચોમાસી સંધ્યા " નામના નિબંધમાં જુઓ એમનું વર્ણન...

"કાલ સાંજનો સૂર્યાસ્ત જોવા જેવો હતો..વાદળાં કેવળ ચાંદીનાં હતાં..તેમના ઉપર સોનાનો ઢોળ ચડાવવા જેટલું મોડું થયું ન હતું..પણ વર્ષાઋતુ હોઈ એ સજલ હતાં..સૂર્યનાં કિરણોને કેમ નચાવવાં તેની કલા તેમને જન્મથી જ અવગત..પ્રથમ ક્ષણમાં તો સૂર્ય સંન્યાસ લીધેલા કોઈ સમર્થ પુરૂષ જેવો પ્રભાવ શાળી પણ પ્રભા વિહીન લાગતો હતો.." કાકાસાહેબ પાસે શબ્દોનો જાણે કેમેરો હતો..મારી પાસે ખરેખર કેમેરો હતો અને એટલે જ આ લહાવો ગઈકાલે થોડોક કેદ થઈ ગયો.. છલકતી આ છબીઓમાં..

ચોમાસી સંધ્યાનું સૌંદર્ય એ આકાશનો આગવો વૈભવ છે..એ અવ્યક્ત જ હોઈ શકે..પગરવ વગરની ભૂમી જેવો. આકાશ પોતે જ એક કોયડો છે અજાયબીનો..એને જોવા પણ સદભાગ્ય જોઈએ...મનહર મોદી સરસ લખે છે.

‘તારો વિશેષ સ્પર્શ ફરી માણવા મળે
આકાશ હોય આંખમાં ને ચાલવા મળે !’

આખું આકાશ આંખમાં આંજવાની નેમ ભલે કદાચ ના હોય પણ આકાશનો એકાદ પણ ભુરો ટૂકડો કે ચકચકતું એકલદોકલ ચાંદરણું તો જોઈ જ શકાય..એટલામાં પણ આકાશનો દબદબો જોઈ શકાય છે.સીમને શોધવી હોય તો આભને ઉખેળવું પડે..વરસાદ જયારે વિરામ લે છે ત્યારે ગગનનો એક આગવો મિજાજ પ્રગટતો હોય છે...આભને કોઈ ટેકો નથી .ક્ષિતીજો એ કોઈ માપદંડ નથી એની અસીમતાને પામવાનો..’ભૂરૂં છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકેય નથી વાદળી..’એવું નીરખવાની ’કલાપી "દ્રષ્ટિ થોડુંઘણું એને પામી શકે..બાકી પ્રગાઢ આભને આશ્લેષમાં લેવાનું ગજું જેવા તેવાનું નથી..ચોમાસાના ઈન્ટરવલમાં આભની અવનવી છટાઓ માણી લેવી એ પણ મોકો છે પ્રકૃતિના પુરા પિકચરને માણવા માટે....

# પાકિસ્તાનને વધુ એક બોધપાઠ આપવો જોઈએ

**તંત્રીસ્થાનેથી...**

સતત કાશ્મીરના નામે આંતરરાષ્ટ્રીય સ્તરે ઊહાપોહ મચાવનાર અને ભારતમાં આતંકવાદીઓ મોકલીને તથા કાશ્મીરી યુવાનો સહિત દેશના અન્ય વિસ્તારોના મુસ્લિમ છોકરાઓને ગુમરાહ કરનાર પાકિસ્તાન હવે સીધી રીતે સુધરે એ વાતમાં માલ નથી. જેમને પાકિસ્તાને જ ફાંસીના માંચડે ચડાવી એમની ‘દેશસેવા’ની કદર કરી હતી. એવા પૂર્વ વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભૂટ્ટોએ કાશ્મીર મુદ્દે હિંદુસ્તાન સામે એક હજાર વર્ષની લાંબી લડાઈ લડી લેવાનો સંકલ્પ જાહેર કરેલો અને પછી એ જ ભુટ્ટોએ ઈંદિરા ગાંધી સાથે સંધિ પણ કરી લીધેલી. કાશ્મીર મુદ્દો પાકિસ્તાનના રાજકારણનું નર્વસેન્ટર બની રહેલ છે. સવિશેષ તો પૂર્વ પાકિસ્તાન નામે ઓળખાતી પાકિસ્તાનની આખેઆખી પાંખ તોડી નાખીને ઈંદિરા ગાંધી અને સામ માણેકશૉની જોડીએ મોટું પરાક્રમ કર્યું હતું અને વિશ્વના નકશામાં ભાષાના મુદ્દે એક આખેઆખો દેશ ઊભરી આવ્યો હતો. બાંગ્લાદેશ પાછળથી ઈસ્લામિક રાષ્ટ્ર બની ગયું પણ એણે ભારત સાથે સંબંધો બગાડ્યા નથી. એ કયારેય પાકિસ્તાનનો ત્રાસ ભૂલી શકે એમ નથી. જેવો ત્રાસ ઉર્દૂને રાષ્ટ્રભાષા નહીં માનવા બદલ અને વસતિની રૂએ પોતાનો વડોપ્રધાન હોવો જોઈએ એવી ગર્ભિત અપેક્ષા રાખનાર પૂર્વ પાકિસ્તાન પર ગુજરાતો હતો એવો બલકે એથી ઘણો વધારે જુલમ સરહદી પ્રાંત બલૂચિસ્તાનની ઝુઝારુ બલૂચ વસતિ પર પાકિસ્તાનની આર્મી અને પ્રશાશન શરૂથી જ ગુજારતાં રહ્યાં છે. કારણ છેક આઝાદીની ચળવળ સુધી શોધવા જળું પડે એમ છે. બલુચિસ્તાન કયારય પાકિસ્તાન સાથે જોડાવા માગતું નહોતું. સરહદના ગાંધી અને પઠાણ નેતા ખાન અબ્દુલ ગફારખાને તો ભાગલાનો વિરોધ કરતાં કહ્યું હતું કે શું આ દિવસો જોવા માટે અમે મહાત્મા ગાંધી સાથે આઝાદીની ચળવળમાં ઘરબાર રેઢાં મૂકીને જોતરાયા હતા ? એમના પુત્ર વલીખાનને પણ પાકિસ્તાન સરકારે હરહંમેશ પારકા જ ગણ્યા હતા. તેઓ ભારત તરફી વલણ ધરાવતા હતા અને પાકિસ્તાનની કટ્ટરવાદી નીતિના તથા કાશ્મીર અંગેના એમના વલણના વિરોધી હતા. પાકિસ્તાન સાથે દોસ્તીનો હાથ લંબાવવાની ચેષ્ઠા વારંવાર થતી રહી છે. પાકિસ્તાને ઈંદિરા ગાંધીને સત્તા પરથી ઊઠાડી મૂકવાનો સરપાવ આપતું હોય એમ પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈને નિશાન-એ-પાકિસ્તાનનો સર્વોચ્ચ ખિતાબ આપી નવાજ્યા હતા. પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી તો જાતે જ બસમાં બેસી સવાર થઈને લાહોર ગયા હતા જ્યાં તત્કાલીન વડાપ્રધાન નવાઝ શરીફે તો એમનું યથોચિત સમ્માન સાચવ્યું હતું. પરંતુ આર્મીના જનરલ મુશર્રફે એમને સલામ કરવાનો ઈનકાર કરી દીધો હતો. એ પછી મોદીએ પણ વડાપ્રધાન પદે આરૂઢ થતાંવેંત પાકિસ્તાન સાથેના વણસેલા સંબંધો પાટે ચડાવવા પ્રામાણિક પ્રયાસો કર્યા હતા જેમાં એમને સરિયામ નિષ્ફળતા સાંપડી હતી. પછી તો સંબંધો એ હદે વણસ્યા કે ભારતે એરસ્ટ્રાઈક જેવાં ઐતિહાસિક કદમ ઉઠાવવાં પડ્યાં. પાકિસ્તાનને સીધું કરવાની વધુ એક તદ મોદીના આંગણામાં આવી પડી છે. બલૂચિસ્તાનનાં નિર્વાસિત વડાપ્રધાન ડૉ. નાયલા કાદરી રાજસ્થાનની ધરતી પરથી ભારતની મદદ માટે ગુહાર લગાવી રહ્યા છે. અલબત્ત આ વખતે પાકિસ્તાન સાથેના પૂર્ણ કક્ષાના યુદ્ધમાં આપણને ચીન નડી શકે એમ છે. ચીન કોઈ પણ ભોગે પાકિસ્તાનથી છૂટા પડવા મથતા બલૂચિસ્તાનને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકેની માન્યતા નહીં મળવા દે પરંતુ છેલ્લે તો પ્રજાનો જ વિજય થતો હોય છે. દુનિયામાં કયાંય નહીં વર્તાવાતો હોય એવો ત્રાસ પાક આર્મી દ્વારા બલૂચિસ્તાનની પ્રજા પર ગુજરાઈ રહ્યો હોવાની વાત કરતાં એ કબૂલે છે કે પોતે પણ એ ટોર્ચનિંગનો ભોગ બનેલાં છે. હજારો લોકોનું અપહરણ કરાયું છે, ઘણાને મારી નંખાયેલ છે. આંદોલન કરવાની આ ક્રૂરત્તમ સજાનો ભોગ તો ત્યાંની બાલિકાઓ અને મહિલાઓ બની છે. તાલિબાન અને ઈસ્લામિક સ્ટેટ વાળી ક્રૂરતાનો ભોગ બનેલી આ સ્ત્રીઓ સાથે બળાત્કાર થતા રહે છે. નાની નાની છોકરીઓ માટે ‘રેપ સેલ’ બનાવી રખાયા છે. એમને નાગી કરીને સામૂહિક દુષ્કર્મનો ભોગ બનાવાઈ રહી છે. ભારત જેને શક્તિપીઠ તરીકે પૂજે છે એવાં હિંગળાજ માતાની સાક્ષીએ નિર્વાસિત સરકારનાં મહિલા વડાપ્રધાન એમની દર્દભરી દાસ્તાન સંભળાવી ભારતની મદદ માગે છે. બલૂચિસ્તાનને આઝાદ કરાવી ભારત સરકાર એની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાના મોરમુકુટમાં વધુ એક પીછું ઉમેરી શકે તો કેવું સારું !

# ચાય પે ચર્ચા....

**વાત-વાતમાં**
**અક્ષય બ્રહ્મભટ્ટ**

આજે વાત કરવી છે પીણાઓ ના રાજા ની.. એટલે કે "ચા" ની.

ચા ને આમ તો સાર્વત્રિક પીણું કહીએ તો પણ અતિશયોક્તિ નહિ



ગણાય પણ તેમ છતાંય વહુ અને વરસાદ ની જેમ એને જોઈએ એવી કદર મળતી નથી.

"ચાલ ને ચા પીવા જઈએ" આ વાક્ય કૉલેજ કે ગલી ના નાકે સાંભળવું એકદમ સામાન્ય વાત છે.

જ્યારે પણ કોઈ મિત્રોનું ગ્રુપ જોડે બેસીને ચા પીવાનું નક્કી કરે ત્યારે આશય ચા પીવાનો નથી હોતો..આશય હોય છે જોડે બેસીને મજાક મશ્કરી કરવાનો, જૂના કિસ્સા ફરી ને ફરી વાગોળવાનો; ચા તો માત્ર સેતુ બની રે છે મિત્રો ના બહાનાઓ અને ચર્ચા ને જોડતો.

ચા એ ખાલી પીણું નથી... એ ચર્ચા ને વેગ આપતું ફ્યુલ છે.

ચા એકદમ વર્સેટાઈલ પણ ખરી (અનલાઈક કોફી) કારણ કે ચા જોડે ખાઈ શકાય એવા ઢગલાબંધ ઓપ્શન મળી રહે... ચા અને થેપલા, ચા અને પરોઠા/ભાખરી, ચા અને પાપડી, ચા અને ગાંઠીયા, ચા અને બિસ્કીટ (હા ભાઈ બિસ્કુટ!), ચા અને મસ્કાબન (ખાસ અમદાવાદીઓ માટે), ચા અને ભજીયા (વરસાદ વખતનું ફરજિયાત મેન), ચા અને સેવખમણી...

એમાં પણ જો આ બધું ચાલુ વરસાદે મળે તો આહાહા..

અગ્રેશન - કોહલી
હોટેલ - ટ્રીવાળો
એસબીઆઈ - લંચ બ્રેક

આ લિસ્ટ માં જો હજી એક જોડી ઉમેરવી હોય તો એ છે વરસાદ અને ચા, ઈનસેપરેબલ કોમ્બિનેશન.

વરસાદ પડતાં જ બે પ્રકારના લોકોને જલસો પડી જાય,

૧) કવિઓ
૨) ચા ના રસિયાઓ

(જે કવિતાઓ નથી લખી શકતા... હીહી નો ઑફેન્સ)

ચા નો ઉપયોગ અમુક વાર દવા તરીકે પણ થાય પાછો!

શરદી થઈ છે?.. આદુ અને તુલસી વાળી ચા પી લો. માથું દુ:ખે છે?...ચા પી લો (અમુક ને પાછું માથું જ એટલે દુ:ખે કે ચા ના મળી હોય ટાઈમ ઉપર!)

સવારે ઉઠી ને ગમે એટલો ટાઈમ ભલે ને થયો હોય પણ ચા પીધા સિવાય દિવસ ની શરૂઆત ની કલ્પના મુશ્કેલ છે. જાણે કે ચા એ ચાવી હોય શરીર ની તાજગીના તાળા ની!

પુરુષો ની સવાર શરૂ કરવા માટે ખાલી ન્યુઝ પેપર પૂરતું નથી, બીજા હાથમાં ચાનો કપ હોવો જરૂરી છે. ગૃહિણીઓ માટે પણ ચા એ ખાલી ચા નથી પણ એક સ્ટેરોઈડ જેવું કામ કરે. સવારે ઉઠીને કામ ચાલુ કરતાં પહેલાં એક ઈમરજન્સી" ડોઝ અને બીજો ડોઝ કામ પતાવ્યા પછી.

ચા એક મલ્ટીપર્પઝ "ટૂલ" છે...

એ લોકો ની ચર્ચાઓ નું નિમિત્ત પણ બની શકે છે.

એ લોકો નો ખરાબ દિવસ સુધારી પણ શકે છે.

એ લોકો ની નાની મોટી તકલીફો ભુલાવી પણ શકે છે.

ટૂંક માં જે લોકો એ કદી ચા પીધી નથી, એ લોકો એ ઝીંદગી માં બઉ બધું મિસ કર્યું છે એ પાક્યું.

‘ચાય પે વધુ ચર્ચા’ પછી ક્યારેક.

### દિન મહિમા

- આંતરરાષ્ટ્રીય ન્યાય દિન
- આંતરરાષ્ટ્રીય ઈમોજી દિન
- ઈન્દુલાલ યાજ્ઞિકની પુણ્યતિથિ, નવલકથાકાર

### આજનું ઔષધ

- જેઠીમધ - ગળામાં ખરાશ, શરદી, ઉધરસ, દમ જેવી બિમારીમાં અકસીર રામબાણ ઉપાય છે.

### ખડખડાટ

- યમરાજ : ભૂરા તારો પાપનો ઘડો ભરાઈ ગયો છે.
  ભૂરો : હા, તો નળ બંદ કરી દો, નાની નાની વાતોમાં કહેવા નહીં આવવાનું.

### આજનું વોટ્સએપ

- માટી તણું સગપણ રાખવું વાતમાં થોડું ગળપણ રાખવું કરો ટીકા જયારે બીજાની તો ખુદની સામે પણ દર્પણ રાખવું.

# ‘ચા’ની લારીએથી કચેરી દર્શન...

**હમજ્યા મારા ભૈ !**
**ભાગ્યેશ જહા**

**ચંદ્રંભદ્ર-૯**

ચંદ્રંભદ્ર એક મેંલાઘેંલા મકાન આગળ આવીને ઉભા છે, પોતે આઈઆઈએમના મકાન જેવું દેખાય એટલા માટે ઈંટોનો કલર ઉડી ગયા પછી નવો રંગ કરાવવામાં આવ્યો નથી. ચ જો કે આ અંગે ભારે ચર્ચા અને વિવાદ છે, પ્રશ્ન એ છે કે ગાંધીનગરમાં દરેક વસ્તુને પોતાનો એક વિવાદ છે, જ્યાં વિવાદ નથી ત્યાં અનેક સેવાભાવી લોકો આવીને વિવાદ ઉભો કરે છે. ચંદ્રંભદ્ર બ્રહ્મસૂત્ર ભણ્યા પછી ગાંધીનગરમાં ’સત્તા ક્યાં છે ?’ એના સૂક્ષ્મ અને સ્થુળ સ્વરુપને ઓળખવા મહેનત કરવાનો ઈરાદો ધરાવે છે તેથી આ સરકારી મકાનની સન્મુખ એક જીઆર વગર જ ઉગી ગયેલા ઝાડ આગળ આવીને ઉભા છે.

જીવનમાં ક્યારેય સરકારી કચેરી જોઈ નહીં હોવાથી ચંદ્રંભદ્ર ભારે અચંબો અનુભવી રહ્યા છે. યુક્રેનના કોઈ નિરાશ્રિતને હોય એવું વિસ્મય છે અને સરકારી કચેરી એટલે આટલા બધા લોકો અંદર જઈને શું કરતા હશે. એમને યાદ આવી ગયું જ્યારે એમના પૂજ્યપિતાશ્રી ભાનુભદ્રને હદયમાં દુ:ખાવો ઉપડેલો અને બાયપાસ સર્જરી કરવી પડેલી ત્યારે આ ઑફિસ કરતાં વધારે ગંભીર દેખાવવાળા ઓટી તરફ બધા એક સરખા કપડાં પહેરી ચિંતાગ્રસ્ત ચહેરા સાથે જઈ રહ્યા હતા. આજે આ કચેરી તરફ જતા લોકોની ગતિ અને મતિ પામવા ચંદ્રંભદ્ર એક ઝાડ નીચે જઈને ઉભા રહ્યા. એમની એવી શ્રધ્ધા છે કે ઝાડ નીચે ઉભા રહેવાથી કદાચ કશુંક જ્ઞાન પ્રગટે પણ ખરા..!

સવારના દશ વીસ થવા આવી છે, નિરંજન મહેતાએ આ નાની કચેરીના મોટા સાહેબ જેને બધા વીએમસર કહે છે એમને મળવાની એપોઈન્ટમેન્ટ પાકી કરી છે. પણ નિરંજન કોઈ ચાન્સ લેવા માંગતા નહોતા એટલે વહેલા આવી ગયા છે કારણ વીએમનું કંઈ કહેવાય નહીં એકદમ આવીને જતા રહેવાનું બનતું હોય છે એટલે ખોટું જોખમ લેવું નહોતું. બીજું. આ ચંદ્રંભદ્ર તો મોટા લેખક છે અને જો કોઈ કડવો કે અજુકતો અનુભવ થઈ જાય તો ક્યાંક કોઈ આડોઅવળો લેખ લખીને ક્યાંય છપાવે તો વીએમ તો નિરંજનને જ ધમકાવે. કારણ સરકારમાં ધમકાવવા માટે કોઈ કારણ શોધવાની કે તપાસ કરવાની જરૂર નથી હોતી એ તો કોઈને સજા કરવાની હોય તો ખાતાકીય તપાસ થાય પણ આવા એક મુલાકાતી માટે વીએમ નિરંજનને ધમકાવે તો વિદ્વાન એવા મહેમાનના મનમાં ભારે દ્વિધા ઉત્પન્ન થાય.

ચંદ્રંભદ્ર પોતાના ચશ્મા એવી રીતે સાફ કરે છે જેવી રીતે કોઈ સર્જન એના વાઢકાપના સાધનો સાફ કરે. અચાનક જ બીજા ઝાડ નીચેની લારી પર એક ગેસની સગડી પેટાવવામાં આવે, જાણે કોઈ મોટી ગાડીનું એન્જિન યાત્રા પહેલાં તૈયાર કરવામાં આવે એવી ગંભીરતાથી બે ચપળ યુવાનો ’ચા’ માટે તૈયારીઓ કરવા લાગ્યા. જેમને અનેક કલાકો સુધી ધ્યાન કરીને પોતાના મનને અણીદાર અને સ્ફૂર્તિલું બનાવ્યું છે એવા ચંદ્રંભદ્રને ખ્યાલ આવી ગયો કે આ બે યુવાનો સરકારી બાબુઓ નથી, કારણ એમની ચપળતા અને તત્પરતા સરકારી માણસને શોભે તેવી નહોતી. ’ચા’ની લારી એ ચંદ્રંભદ્રનું મન હરી લીધું, એનો એક ગ્રહને શોભે તેવો ઠસ્સો હતો. લાગતું એવું હતું કે આ ’ચા’થકી સામે ઉભેલા સરકારી કાર્યાલયનો મુડ ટકી રહેતો. સરકારને ટકી રહેવા ધારાસભ્યોની જરૂર પડે પણ આમ સ્વ-પાયા ઉપર ઉભેલી ઑફિસે એની ઉર્જા અને ખાસ તો મુડ-ઉર્જા એક બહારની ’ઓરબીટ’માં સ્થિત થયેલી એક લારી કહેતાં ચતુર્ચક્રિણીની ચા-ચતુરાઈ પર આધારિત રહેવું પડતું. કહેવતમાં કીધું છે કે ’દિખાવે પર મત જાઓ’ , એ ન્યાયે ચંદ્રંભદ્ર આ ઉષ્ણ પ્રવાહીથી સમગ્ર કચેરીના આજ્ઞાચક્ર ઉપર એકચક્રી રાજ ભોગવનાર નોન-પોલિટીકલ કહી શકાય એવી આ લારી પર એ રીતે જોઈ રહ્યા જે રીતે કોઈ સિધ્ધ જ્યોતિષી ઉગતા શનિ પર કે ડુબતા પણ માર્ગી થયેલા ચંદ્ર તરફ જોઈ રહે. જે રીતે આવનારા કર્મચારીઓ એની આસપાસ ઘુમરાતા હતા તે જોઈ ચંદ્રંભદ્ર એમની ખાતાવહી જેવી નોંધપોથીમાં નોંધી રહ્યા હતા.



એકવીસમી સદીના જાહેર વહીવટમાં બાહ્ય-પ્રવાહોની-પ્રભાવક અસરો વિશે કદાચ ક્યાંય બોલવાનું આવે તો પોતે ચાલીસ મિનિટનું ટુંકું પ્રવચન કરવા તૈયાર થઈ રહ્યા હતા.

ચંદ્રંભદ્રે જોયું કે આવનારા લોકો પોતપોતાના સ્વભાવ પ્રમાણે ગાડીઓ, સ્કૂટર, બાઈક અને એક્ટીવા જેવા સાધનો પર આવી રહ્યા હતા. બે મુછ વગરના બહાદુરો સિવાય બધા જામીન મળ્યા હોય એવા કેદીઓની જેમ પ્રમાણસરના ઉત્સાહથી પ્રવેશતા હતા. પે’લા બે લબરમુછિયા કુદકા મારવાની તૈયારી હોય તેવી ચરણમુદ્રાઓ કરી કરીને અંદર પ્રવેશ્યા ત્યારે ચંદ્રંભદ્રને તેઓ મુખ્ય અધિકારી હોવાની શંકા પડી. સરકારમાં તમે કોઈ વાતને ’ખાનગી’ ગણાવો એટલું તમારું મહત્ત્વ વધારે’ એ ન્યાયે નિરંજનના કાન આગળ મોં લાવીને પુછ્યું, ’આ બે જવાનિયાઓ કોઈ મોટા હોદ્દા પર છે’. નિરંજને એના બધા અનુભવોને ભેગા કરીને કહ્યું, ’જે બહુ મોટા હોદ્દા ઉપર હોય છે એ સ્વભાવે ગંભીર જણાઈ આવશે.’ નિરંજને ચાલું રાખ્યું, ’એવા મહાનુભાવોના ત્રણ લક્ષણો હોઈ શકે.. એક તો ગઈકાલે રાતે પુરું સુવા મળ્યું નથી, તેથી આંખો લાલ અથવા ઘેરાયેલી હોઈ શકે, બીજું એમની આજુબાજુ બે થી બાર જણા ચાલતા હોય, આ ચાલનારાઓમાં સીક્યુરીટીવાળા એમની વાળની લંબાઈ અને સફારી-ડ્રેસને લીધે ઓળખાઈ જાય, બાકીના લોકોના ચહેરાઓ પર એમના એજન્ડાઓનો લેપ જણાઈ આવશે. ત્રીજું, ઉપરના બેમાંથી એકેય લક્ષણ ના હોય પણ દશવર્ષના કૉન્સ્ટીપેશનને લીધે ભારેખમ અથવા ગાંધીજીના અક્ષર જેવો વાંચી શકાય નહીં તેવો ચહેરો હોય તો આવી વ્યક્તિ બહુ મોટા હોદ્દા ઉપર હોવાની શક્યતાઓ વધી જાય છે... જો આનાથી વિપરીત હસતા રમતા સાથીઓ સાથે ગમ્મત કરતા કોઈ જાતક જોવા મળે તો માનવું દેવકૃપાએ આ ભાઈ કે બહેન ભુલા પડ્યા છે. ચંદ્રંભદ્રનું લારી પાસે ઉભા રહીને થયેલું કચેરીદર્શન ચંદ્રદર્શન જેવું અચંબાભર્યુ અને જ્ઞાનવર્ધક બની રહ્યું છે.

# આજે ઉધાર ... કાલે રોકડા.. !!!

**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**

ટાઈટલ વાંચીને એમ થયું ને કે આ ભાઈએ ખોટું લખી નાખ્યું ..!!! ખરેખર તો ‘ આજે રોકડા .. કાલે ઉધાર ‘ આવું હોવું જોઈએ .. હે ને ..?? ટાઈટલ વાંચીને જો આવો વિચાર આવતો હોય તો તમે સાચા પણ છો અને ખોટા પણ !!! સાચા એટલા માટે કે વેપાર-વિનિમયનુંઆ બહુ જાણીતું સૂત્ર છે અને ખોટા એટલા માટે કે હવે જમાનો બદલાઈ ગયો છે . એક જમાનામાં વેપાર માટે કે ધીરધાર માટે ‘ આજે રોકડા, કાલે ઉધાર ‘ જ વપરાતું હતું પણ આજકાલ તમતમારે જોઈ એટલા રૂપિયા આજે લઈ જાવ .. એય ને પાછા ઉધારીમાં અને એયને નિરાંતે .. તમારી સગવડતાએ .. મોટાભાગે તમને અનુકૂળ આવે એ રીતે રોકડામાંચૂકવો ..!!!હા મફતમાં નહીં હો .. પણ રૂપિયા મુજબ કે ટાઈમ મુજબ વ્યાજ તો ખરું જ ..!! જો કે વ્યાજ વગરના ફદિયાની પણ વાત કરીશું, પણ એ આગળ ..!! હવે અહી પાછું રોકડા આપવાના વાંચીને એમ ના સમજતા કે ખણખણિયામા જ ચુકવવાના છે .. ના રે ના .. હવે તો જમાનો ડિઝિટલ થઈ ગયો છે તો નાણું પણ ડિઝિટલ થઈ ગયું છે એટલે રોકડા બોલે તો ઈઝીઈએમઆઈ કે પછી ઈઝીઓનલાઈનઈન્સ્ટોલમેન્ટ આવું સમજવાનું ..!!!!! હવે લાઈન પકડાઈ ને ટાઈટલની ..!!!!!

તમને ખબર છે કે ‘ખરીદો અત્યારે અને ચૂકવો પછીથી’ આ અત્યારની હોટ-મ-હોટસેલિંગટેગલાઈન છે ..!!! આનાથી વધુ ઉત્તેજક .. આકર્ષક અને ફાયદેમંદ અત્યારે તો બીજું કાઈ દેખાતું નથી અને અત્યારે જ્યારે ઓનલાઈનશોપિંગનો જમાનો પૂરજોશમાં છે ત્યારે દરેક બેક્ર કે ક્રેડિટકાર્ડ કંપની આ સોનેરી સૂત્રને બખૂબી વટાવી રહી છે એટલું જ નહીં પણ લગભગ લગભગ દરેક વસ્તુમાં તમને આસાનીથી ‘ બાયનાઉ, પે લેટર ‘ નો ઓપ્શન આવતો થયો છે . હવે કોઈ તમારી જરૂરિયાત વખતે વગર પૂછયે પૈસા આપે તો કોને ના ગમે ? ને આમપણ મધ્યમવર્ગને માનો કે એ. સી. લેવું છે તો એકસાથે ૩૦-૪૦ હજાર ક્યાંથી કાઢવાના ?? પણ એની બદલે ૨ કે ૪ હજારનાહપ્તે આ પૈસા પણ ભરાઈ જાય ને એ. સી. પણ આવી જાય ..!!! હવે આમાં ૩૦ ના ૩૬ કે ૩૮ આપવા પડે તો એ બહુ કઠે નહીં ..!! આસાનીથી મળતી આ નાની કે મોટી લોનો આપતી કંપનીઓ વધી રહી છે એટલું જ નહીં પણ ઘણીબધી કંપનીઓ ( બેક્રો, ક્રેડિટકાર્ડ કંપનીઓ ) ખૂબ જ આક્રમક રીતે અને આકર્ષક સર્વિસ પણ આપી રહી છે.

અસલમાં એમાં કાઈ ખોટું પણ નથી . માનો કે ૮૦૦૦૦નો આઈફોન કે ૫૦૦૦૦નું ફ્રિજ કે પછી મોંઘા કપડાં કે બીજી જીવન જરૂરિયાતની વસ્તુ એકસાથે તો લઈ શકવાના નથી . માનો કે આઈફોન લેવો છે પણ ૮૦૦૦૦ એકસામટા કાઢવા મુશ્કેલ છે પણ એ જ ૮૦૦૦૦નો આઈફોન ૫૦૦૦ ના ૧૬ કે એનાથી ઓછા હપ્તે મળે તો ? અને એ પણ કોઈ વધારાના વ્યાજ વગર ? સ્વાભાવિક છે કે આપણે આ બીજી સ્કીમમાં ચોક્કસ ડોકું ધૂણાવીએ ..!!! ક્રેડિટથી આસાનીથી મળતી આવી લોનોને લીધે થયું છે શું કે અત્યાર સુધી આપણી પહોંચથી દૂર લાગતી કે આ જન્મે તો વસાવી કે ખરીદી નહીં શકાય એવી લાગતી અનેકો વસ્તુઓ હવે આપણી પહોંચમાં આવી ગઈ છે –થેંક્સ ટુ આ ‘ આજે ઉધાર, કાલે રોકડા ‘..આપણે એમ સમજવા લાગ્યા છીએ કે આપણે બધુ ખરીદી શકીએ છીએ .. પૈસા કયા એકસાથે આપવાના છે હે ? !!! એમાં પણ અત્યારે આવી લોનો કે જેને સ્મોલ લોન કે ટેમ્પરરી લોન પણ કહેવાય છે એ મેળવવાની પ્રોસેસ પણ ઈઝી અને નાની થઈ ગઈ છે . આધાર આપ્યું, સેલેરીસર્ટિ કે આઈટી રિટર્ન આપ્યું .. કરી ફોર્મપર સાઈન ( ઘણા કિસ્સામાં તો આ પ્રક્રિયા પણ ઓનલાઈન જ થાય છે ) અને મિનિટોમાં રકમ તમારા ખાતામાં કે પછી જેંનેચૂકવવાની હોય એના ખાતામાં ..!!!! એય ને વસ્તુ લઈને તમે ઉપડો ઘરે .. પણ હા નેક્સ્ટમંથથીઈન્સ્ટોલમેન્ટની તારીખ અને ખાતામાંએટલીસ્ટઈન્સ્ટોલમેન્ટ જેટલા નાણાં રાખવાનુંયાદ રાખવાનું હો .. એ ના ભુલાવુંજોઈએ ..!!!!

આ ‘ બાયનાઉ, પે લેટર ‘ ના મોટાભાગના ગ્રાહકોઈઝીમનીના લીધે ના જોઈતી વસ્તુને પણ ખરીદી કાઢનાર હોય છે . સોશિયલમીડિયાનાવપરાશકારે નોંધ્યું હશે કે ઈન્સટાકે ફેસબુક પર અનેકોવસ્તુઓનું ડાયરેક્ટ સેલિંગ થાય છે . તમે એકવાર સર્ચ કર્યું કે કશુંક ખરીદ્યું એટલે સોશિયલમીડિયાનાઅલગોરિધમ મુજબ એવી જ જાહેરાતો તમારા માથે ભટકાડવામાં આવે છે અને ડેટા કહે છે કે ઈલેક્ટ્રોનિક અને ફેશન એસેસરી આમાં મોખરે છે . હપ્તે મળતી ચીજોનાઆકર્ષણમાં આપણે ખરીદીઓ કરતા જઈએ છીએ જ્યારે હકીકત એ હોય છે કે મોટાભાગની ઓછી ઉપયોગી કે દેખાદેખીમાં કે જાહેરાતોથીઅંજાઈને ઘરમાં ઘૂસી ગઈ હોય છે . સી, ઘર માટે ફ્રીઝ કે એ,સી સુધી ઠીક છે પણ મોંઘા ફોન કે કપડાં કે બીજી આવી જ મોજમજાની વસ્તુઓ ખરીદવાનીકૂટેવ આવી ઈઝીમનીનીઅવેલીબિલિટીને લીધે વધી પણ જાય છે . ‘ અરે હપ્તા થઈ જશે ‘ ના નાદમાં હું ને તમે આગળ પાછળનું વિચાર્યા વગર ઘણીવાર ચેકઆઉટક્લિક કરી દેતા હોય છીએ . આ એક રીતે મોલમાં ખરીદી કરવા જેવુ છે જો મન મક્કમ ના રાખો તો લેવા ગયા હોવ સાબુ ને બાસમતીનુંબાચકું ઉપાડી લાવો એવું જ કઈક આમાં ધ્યાન ના રાખો તો થઈ જાય . દેખાદેખીના આ જમાનામાં મળતા આવા ઈઝીમની ‘ આઈ કેન બાય ‘ ની ધારણા વધુ મજબૂત તો બનાવે છે પણ ખરીદીનીમાનસિક્તામાંધરમૂળથી પરિવર્તન કરવાનો ભય પણ સાથે સાથેબાય વન ગેટ વન ફ્રી માં આવે છે !!! . એકરીતે સારું પણ છે કે અગાઉ લખ્યું એમ ખરેખર જરૂરિયાતની વસ્તુ ખરીદવામાં કે ઈવન અચાનક આવી પડેલા મેડિકલ ખર્ચ કે બીજા કોઈ એવા જ ખર્ચને પહોંચી વળવા આવા ઈઝીમની ખૂબ મદદરૂપ થાય છે .



પણ આ ઈઝીમનીના ફાયદા છે એમ ગેરફાયદા પણ છે જ . બેનોરીનોલેજ નામની એક સ્વતંત્ર રિસર્ચ કંપનીએ કરેલ એક સર્વે મુજબ આવી ઈઝી લોન લેનાર લગભગ ૯૦% લોકોએ એ સ્વીકાર્યું કે ઈઝીમનીનાચક્કરમાં અમે ધાર્યા કરતાં વધુ પૈસા ખર્ચીનાખ્યા . ૪૦% લોકોએ તો એવું પણ સ્વીકાર્યું કે એમનું માસિક બજેટ આ ‘બાયનાઉ, પે લેટર ‘ના લીધે લગભગ ૩૦% વધી ગયું તો ત્રીજા ભાગના લોકોનો જવાબ માસિક બજેટમાં ૫૦% જેટલા વધારાનો પણ હતો . હવે પૈસા લીધા એ પાછા તો આપવાના કે નહીં ? ભલે હપ્તે તો હપ્તે .. પણ હપ્તા ચુકાઈ જાય કે ચડી જાય તો ? તો .. આમ તો મોટાભાગના લોન પ્રોવાઈડર વગર વ્યાજે આપે છે પણ આવા કેસમાં સૌથી પ્રથમ તો જો ક્રેડિટકાર્ડનુંપેમેન્ટ હોય તો ૪૫ દિવસની મુદત પછી અને ઈન્સ્ટોલમેન્ટ હોય તો નેક્સ્ટ મહિનાથી વ્યાજ કે પેનલ્ટીલાગવાની શરૂ થઈ જાય એટલું જ નહીં પણ જો આવું વારંવાર બને તો તમારો ક્રેડિટ સ્કોરે ખરાબ થાય અને પછી ખરેખર જરૂર હોય ત્યારે તમને લોન ના પણ મળે અથવા તો જરૂરિયાત કરતા ઓછી મળે ..!! એક વાત સમજી લો કે આપણે જેને લોન કહીએ છીએ એ ખરેખર તો એક પ્રકારની પેમેન્ટસિસ્ટમ જ છે કે જેને ચોક્કસ સમયે ફોલો કરવી પડે નહિતર હેરાન થઈ જવાય . અને હેરાન ના થવું હોય તો પહોંચી શકાય એટલી જ લોન કે ક્રેડિટ લો . એનાથી થશે શું કે નિયમિત ચૂકવણીથી તમારો ક્રેડિટ સ્કોર સારો રહેશે જે તમને ભવિષ્યમાં બીજી મોટી લોન લેવા માટે ઉપયોગી થશે . બીજું કે મહિનાની આવક અને હપ્તાની જાવકને તમારી બીજી જરૂરીયાતો સાથે રાખીને જુઓ અને એ પ્રમાણે એકસાથે નહીં પણ અમુક ચોક્કસ અંતરે ખરીદી કરો કે લોન લો . એકસાથે અનેકો લોન નું જોખમ ના કરો . નો ડાઉટમોંઘવારીના આ જમાનામાં આવા ઈઝીમની અને ‘ આજે ઉધાર, કાલે રોકડા ‘ ઉપયોગી તો છે જ પણ પેલું કહે છે ને એમ એક તો જગતમાં કશું ફ્રી નથી અને બીજું કે પછેડી એટલી સોડ તાણવી ..!!!!

**વિસામો :**

મોટાભાગની લોન કંપની ૪૮ કે ૬૦ હપ્તે લોન આપે છે .. મોટાભાગની વસ્તુઓ એટલા સમય સુધી ટકે છે ખરી ..????

– આ તો એક વાત છે !

( akurjt@gmail.com)